| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN080001502025 | | કેસ પ્રાપ્તી તારીખ: | ૨૮/૦૧/૨૦૨૫ | | |
| | | કેસ દાખલ તારીખ: | ૨૮/૦૧/૨૦૨૫ | | |
| | | કેસ નિર્ણિત તારીખ: | ૦૪/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૫ | ૦૭ |
| | | **આંક :** | ૧૮ | | |

**:: નમૂના–અ ::**

| | | |
|---|---|---|
| **કેશોદના મહે. એડિશિનલ સિનિયર સિવિલ જજ અને એડિશિનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ, મુકામ : કેશોદ.** | | |
| ચુકાદાની તારીખ | :– | ૦૪/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | :– | **૮૬/૨૦૨૫** |

**:: ગુનાની વિગત ::**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | :– | ગુજરાત પોલીસ અધિનિયમની કલમ– ૧૧૦, ૧૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર /પોલીસ સ્ટેશન | :– | કેશોદ પોલીસ સ્ટેશન<br>ગુ. ર. નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૭૦૬/૨૦૨૪ |
| ફરિયાદી | :– | **શ્રી સરકાર**<br>**(મુળ ફરીયાદી: શ્રી પેથાભાઈ ઘેલાભાઈ કોડીયાતર)** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી | :– | **શ્રી એમ.એલ.સૈયદ** |
| આરોપીનું નામ | :– | **અશ્વીનભાઈ મનસુખભાઈ પરમાર,**<br>ઉ.વ.૧૯, ધંધો:– મજુરી,<br>રહે. શાપુર ગામ, તા. માંગરોળ |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વ.શ્રી | :– | **શ્રી વી. જી. જોષી** |

**:: નમૂના–બ ::**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | ૦૫/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | :– | ૦૫/૧૦/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | :– | ૨૨/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લી ઘડયાની | :– | ૨૮/૦૧/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| તારીખ | | |
| પુરાવો શરૂ થયાની તારીખ | :- | ૨૪/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | :- | ૧૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :- | ૦૪/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | :- | |

**:: આરોપીની વિગત ::**

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અશ્વીનભાઈ મનસુખભાઈ પરમાર,** | ૫/૧૦/૨૪ | ૫/૧૦/૨૪ | ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૧૦, ૧૧૭ | નિર્દોષ છોડયા | --- | -- |

**:: નમૂનો ક ::**

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(ક-૧) ફરિયાદ પક્ષના સાક્ષી

| ફરિયાદી સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૬ | કરીમભાઈ જમાલભાઈ જેઠવા | પંચ સાહેદ |
| ૨ | ૮ | આશીષ ખીમજી પીત્રોડા | પંચ સાહેદ |
| ૩ | ૧૪ | પેથાભાઈ ઘેલાભાઈ કોડીયાતર | ફરીયાદી/ત.ક.અમલદાર |
| ૪ | ૧૭ | સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા | સાહેદ |

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

(ક–ર) ફરિયાદ પક્ષ

| અનુ. નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨. | ૧૫ | ફરીયાદ |
| ૩. | ૧૬ | તપાસનો હુકમ |

ભૌતિક પદાર્થ:–

(ક–૩) તાલુકા પોલીસ સ્ટેશન–આઈ ૧૧૭/૧૩, તા.૨૬/૦૯/૨૦૧૩માં જણાવ્યા મુજબ.

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

**–:: ચુ કા દો ::–**

**ફરિયાદપક્ષે ટૂંકમાં હકિકત તથા પોલીસ કાર્યવાહી :–**

**(૧)....**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં મહત્વની હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૫/૧૦/૨૦૨૪ ના રોજ કલાક–૦૦/૫૫ વાગ્યે કેશોદ જુનાગઢ રોડ ઉપર રમજટ નવરાત્રીની બાજુમાં આ કામના આરોપીએ નવરાત્રીમાં આવતી જતી મહીલાઓ સામે જાહેરમાં હાથ તથા આંખો થી ઈશારા કરી વિભત્સ ચેનચાળા કરતા મળી આવી ગુનો કરેલ હોવા બાબતની ફરિયાદીની ફરિયાદ અનુસંધાને પી.એસ.ઓ.શ્રીએ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધી, ગુનાની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવતા તપાસ કરનાર અમલદારે જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનાામા કરી તપાસના અંતે ગુના અંગે આરોપીની અટક કરી મુદૃત અંદર જામીન ઉપરમુકત કરવામાં આવેલ છે અને ત.ક.અ.શ્રીએ આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

**ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–**

**(૨)....**આ કામે પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂઘ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૧૦, ૧૧૭ મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવતા આરોપીને ધોરણસર બજવણી થતા, તે અન્વયે આરોપી તેમના વકીલશ્રી મારફતે નામ. અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આરોપી વિરુઘ્ધ અમારા પુરોગામી સાહેબશ્રીએ આ કામે જી. પી. એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હોય જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના

ગુનાનું આંક-૦૪થી આરોપી વિરુદ્ધ તહોમતનામું ફરમાવી આંક-૩થી આરોપીનું નિવેદન નોંધતા તેની સામેના ગુનાનો ઈનકાર કરેલ છે.

**ફરિયાદી તરફે રજૂ થયેલ પુરાવો :-**

(૩)....ઉપરોકત **નમુના 'ક'** માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**વિશેષ નિવેદન :-**

(૪)....ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર થયા બાદ આ કામના આરોપીનું રજૂ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીનાએ તેમની સામેનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનુ કબુલ કરી, બાકીની હકીકતોનો ઈન્કાર કરી તેઓને બચાવના સાક્ષી તપાસનો અને જાતે સોગંદપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

**દલીલો :-**

(૫)....ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ફરિયાદપક્ષે આરોપીને કાયદા અનેસાર યોગ્ય સજા કરવા અરજ કરેલ તથા આરોપી તરફે વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ.

**મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :-**

(૬)....ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧)....શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૫/૧૦/૨૦૨૪ ના રોજ કલાક-૦૦/૫૫ વાગ્યે કેશોદ જુનાગઢ રોડ ઉપર રમજટ નવરાત્રીની બાજુમાં આ કામના આરોપીએ નવરાત્રીમાં આવતી જતી મહીલાઓ સામે જાહેરમાં હાથ તથા આંખો થી ઈશારા કરી વિભત્સ ચેનચાળા કરતા મળી આવી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)....**શું હુકમ ?

**(૭)....**ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.**(૧)....નકારમાં**

મુદ્દા નં.**(૨)....આખરી હુકમ મુજબ.**

**<u>-:: કા ર ણો ::-</u>**

**(૭.૧)....કેસમાં રજૂ થયેલ પુરાવા અંગે પ્રાથમિક ચર્ચા :-** કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પ્રત્યેક કેસનો નિર્ણય કરતી વખતે જે-તે કેસના વિશિષ્ટ સંજોગો તથા તેને લગતા આનુસાંગીક કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં રાખવી ખુબ આવશ્યક છે. આમ, કેસનો નિર્ણય કરતી વખતે અદાલતે એ જોવાનું રહે છે કે, શું ફરિયાદ પક્ષ પોતાનો કેસ રેકર્ડ ઉપરના પુરાવા ઉપર આરોપીઓ વિરૂધ્ધ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ છે કે કેમ? અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને રાખવી ખૂબ આવશ્યક છે.

**(૭.૨)....**ફરિયાદ પક્ષે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપીઓએ સંભવિતતા ના સિધ્ધાંત ઉપર પોતાનો બચાવ રજૂ કરવાનો રહે છે. આ ફોજદારી કેસોમાં જે પાયાનો સિધ્ધાંત છે તે ધ્યાને રાખવો જરૂરી છે.

**મુદ્દા નં.૧, ૨ :-**

**(૮)....** કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીઓને ક્રિમિનલ જયુરિસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીઓની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓએ ગુનો ન કરેલ હોવાનું માની આરોપીઓએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપીઓ કરવામાં આવતા આક્ષેપો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચુ બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. **<u>લેખરાજ વિરૂધ્ધ હિમાચલપ્રદેશ તેમજ અનિસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ. પી.ના ચુકાદામાં</u>** માનનીય સર્વોચ્ચ અદાલતે આપતા દેશની ભૌગોલીક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું

જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈ પણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું રહે છે કે, એક ગુનેગાર કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલ છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરિયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતાના કારણે ફરિયાદપક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીઓ ને મળવો જોઈએ.

આથી હાલના કામે આક્ષેપ કરવામાં આવેલ હકિકતોનું મુલ્યાંક કરવા માટે કાયદાકીય બારીકાઈ થી પરિસ્થિતિ તથા કાયદાકીય જોગવાઈઓને કેન્દ્ર સ્થાને રાખવી જરૂરી જણાઈ આવે છે અને આ કામે સૌપ્રથમ ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાને રાખવું જરૂરી છે કે, ફોજદારી કાર્યવાહીમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પરે સાબિત કરવાનો રહે છે. ફરિયાદ પક્ષે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ– ૧૩૫ મુજબના આક્ષેપો કરેલા છે તે ધ્યાને લેતાં,

**(૮.૧).... ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫**

**કલમ ૧૩૫: કલમ ૩૭, ૩૮, ૩૯ અથવા ૪૦ હેઠળના આદેશોના ઉલ્લંઘન બદલ સજા**

"જે કોઈ વ્યક્તિ કલમ ૩૭, ૩૮, ૩૯ અથવા ૪૦ હેઠળ કાયદેસર રીતે બહાર પાડવામાં આવેલા કોઈ આદેશનું ઉલ્લંઘન કરશે અથવા તેવા આદેશના ઉલ્લંઘનમાં મદદગારી કરશે, તો તે ગુના માટે દોષિત ઠરશે અને તેને ચાર મહિના સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને સજાને પાત્ર થશે."

**ફરિયાદપક્ષ ધ્વારા રજૂ થયેલ પુરાવો :–**

**(૯)....**ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કિસ્સામાં આરોપીઓ વિરૂધ્ધ જે ગુનો કરેલાનો આક્ષેપ વ્યાજબી શંકાથી પરે પુરવાર થયેલ છે કે, કેમ તે નકિક કરવા આ કામે રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ ધ્વારા રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો,

**(૯.૧)....ફરિયાદી/ત.ક.અમલદારનો પુરાવો–**

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ફોજદારી ગુનો

વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવા ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે સૌપ્રથમ આંક–૧૪ થી ફરીયાદી /ત. ક. અમલદાર પેથાભાઈ ઘેલાભાઈ કોડીયાતરનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૪/ ૧૦/ ૨૪ ના રોજ કેશોદ પો. સ્ટે. ખાતે તેઓ એ. એસ. આઈ. તરીકે પોતાની ફરજ પર હતા દરમ્યાન તેઓ તથા પો. સ્ટાફના માણસો સીટી વીસ્તાર નવરાત્રી સબબ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા જુનાગઢ રોડ પર આવતા રમઝટ નવરાત્રીના ગ્રાઉન્ડની બાજુમા પહોંચતા ચાર ઈસમો જાહેરમા નવરાત્રીમાં આવતી જતી મહીલાઓ સામે હાથ તથા આંખો થી ઈશારા કરી બીભત્સ ચેન ચાળા કરતા જોવામાં આવતા તેઓએ તુરતજ નજીક માથી બે પંચોને બોલાવી તેના રુબરુ ચારેય ઈસમોના વારા ફરતી નામ ઠામ પુછેલ જેમા (૧) જયેશ વિજયભાઈ પરમાર (૨) કેવલ પ્રવીણભાઈ પરમાર (૩) હરેશ દીનેશભાઈ પરમાર (૪) અશ્વીન મનસુખભાઈ પરમાર રહે. શાપુર ગામ ના હોય તેઓને બીભત્સ ચેનચાળા કરવા બાબતે પુછતા સંતોષકારક જવાબ ન આપતા કલાક ૦૦–૦૫ થી ૦૦– ૫૫ નુ પંચનામુ કરી ધોરણસર અટક કરેલ. આમ આરોપી અશ્રવીન મનસુખભાઈ પરમાર રહે. શાપુર વાળા સામે જી.પી.એકટ ની કલમ ૧૧૦, ૧૧૭ મુજબની તેઓએ કેશોદ પો.સ્ટે. મા ફરીયાદ આપેલ. જે ફરીયાદ તેમને બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૧૫ થી રજૂ છે.

સદરહુ ગુનો કેશોદ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૭૦૬/૨૦૨૪, જી. પી. એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુનાની તપાસ પી.એસ.ઓ. દવારા તેઓને સોપતા તપાસ તેઓએ સંભાળેલ, જે તપાસનો હુકમ આંક–૧૬થી રજૂ છે. તેઓએ આ કામે આરોપીને અટક કરી જામીન મુકત કરેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. તેમજ આ કામે આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરેલુ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવ બનેલ તે જાહેર રોડ છે. તેમજ બનાવ બનેલ ત્યારે નવરાત્રીનો સમય હોય જેથી ત્યાં વાહનો તથા માણસોની સતત અવર જવર ચાલું હોય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચોના નામ તેમની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કયા વાહનમાં પેટ્રોલીંગમાં હતા તેના નંબર તથા પ્રકાર ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. તેમજ આ કામની ફરીયાદ પણ તેઓએ આપેલ હતી અને તપાસ પણ તેઓએ કરેલ છે.

**(૯.૨)....સાહેદનો પુરાવો:–**

**(૯.૨.૧)....**ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૭ થી સાહેદ સુરેશભાઈ મોહનભાઈ ભંભાણાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા.૪/૧૦/૨૪ ના રોજ કેશોદ પો.સ્ટે. ખાતે તેઓ પો.કો. તરીકે પોતાની ફરજ પર હતા દરમ્યાન તેઓ તથા એ.એસ.આઈ. પી.જી.કોડીયાતર તથા અન્ય પો.સ્ટાફ ના માણસો સીટી વીસ્તાર નવરાત્રી સબબ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા જુનાગઢ રોડ પર આવતા રમઝટ નવરાત્રીના ગ્રાઉન્ડની બાજુમા પહોંચતા ચાર ઈસમો જાહેરમા નવરાત્રીમા આવતી જતી મહીલાઓ સામે હાથ તથા આંખોથી ઈશારા કરી બીભત્સ ચેન ચાળા કરતા જોવામા આવતા તેઓએ તુરતજ નજીક માથી બે પંચોને બોલાવી તેના રુબરુ ચારેય ઈસમોના વારા ફરતી નામ ઠામ પુછેલ જેમા (૧) જયેશ વિજયભાઈ પરમાર (૨) કેવલ પ્રવીણ ભાઈ પરમાર (૩) હરેશ દીનેશભાઈ પરમાર (૪) અશ્વીન મનસુખભાઈ પરમાર રહે. શાપુર ગામ ના હોય તેઓને બીભત્સ ચેનચાળા કરવા બાબતે પુછતા સંતોષકારક જવાબ ન આપતા કલાક ૦૦-૦૫ થી ૦૦- ૫૫ નુ પંચનામુ એ.એસ.આઈ. પી.જી.કોડીયાતર એ કરી ધોરણસર અટક કરેલ. આમ આરોપી અશ્રવીન મનસુખભાઈ પરમાર રહે. શાપુર વાળા સામે જી.પી.એકટ ની કલમ ૧૧૦,૧૧૭ મુજબની એ.એસ.આઈ. પી.જી.કોડીયાતર એ કેશોદ પો.સ્ટે. મા ફરીયાદ આપેલ. આ કામે ત.ક.અ.એ તેમનુ નીવેદન લીધેલ હતુ,

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બનેલ તે જાહેર રોડ છે. તેમજ બનાવ બનેલ ત્યારે નવરાત્રીનો સમય હોય જેથી ત્યાં વાહનો તથા માણસોની સતત અવર જવર ચાલું હોય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચોના નામ તેમના નિવેદનમાં જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કયા વાહનમાં પેટ્રોલીંગમાં હતા તેના નંબર તથા પ્રકાર નિવેદનમાં જણાવેલ નથી.

**(૯.૩)....પંચ સાહેદ:-**

**(૯.૩.૧)....**આંક-૬ થી પંચ સાહેદ કરીમભાઈ જમાલભાઈ જેઠવા તથા આંક-૮થી પંચ સાહેદ આશીષ ખીમજી પીત્રોડાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ રસ્તા ઉપરથી નીકળેલ ત્યારે તેમને પોલીસે એક તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ હતી પણ તે કાગળમાં શું લખેલ હતુ તે તેમને ખબર નથી. પોલીસે તેમની રૂબરૂ કોઈ પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી. તેમને આંક-૭ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આમ, ઉપરોકત પંચ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય

પંચનામાને સમર્થન સાંપડે તેવો કોઈ જ પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની કલમ-૧૫૪ અન્વયે ઉલટતપાસ કરેલ છે પરંતુ સદરહું પંચ સાહેદની ઉલટતપામાંથી પંચનામાની હકીકતો પુરવાર થાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેમની તૈયાર પંચનામામાં સહી કરાવેલ અને તે સિવાય તેઓ બીજું કાઈ જાણતા નથી.

**(૧૦)....આખરી તારણ:**

**(૧૦.૧)....પુરાવાનો બોજો :-**

ભારતીય પુરાવા અધિનિયમનો એ સિધ્ધાંત છે કે, જો ફરિયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપત્ર અને માનવા લાયક હોય તો તે આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય. સાથે સાથે પુરાવા અધિનિયમનો એવો પણ સિધ્ધાંત છે કે, આરોપી સામેનો કોઈ પણ અપરાધ હંમેશા વ્યાજબી શંકાથી પર પુરવાર થવો જોઈએ તેમાં સહેજ પણ શંકા ઉદ્ભવે તો તેનો લાભ હંમેશા આરોપીઓને મળવા પાત્ર છે. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂની સમર્પિત કોઈ નિયમ નથી. જેથી પુરાવાંનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકિકત અને સંજોગો ઉપર આધારિત છે અને પુરાવાના મૂલ્યાંકન આધાર ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં કરવામાં આવેલી સાબિતી અને નાસાબિતીની વ્યાખ્યા ઉપર આધારિત છે. વધુમાં સાબિત થયેલી હકિકત કોને કહેવાય તે જોવામાં આવેતો અદાલત સમક્ષ થયેલી હકિકત કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલ બાબત ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે-તે સંજોગોમાં જે-તે હકિકતને અસ્તિત્વ હોવાનું માતે તો તે હકિકત સાબિત થયેલી છે તેવું ગણાય વધુમાં ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પરે સાબિત કરવાનો હોય છે અને દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારીમાં હોતી નથી તેમ જ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી.

વધુમાં પુરાવાના મૂલ્યાંકન સંબંધે ફોજદારી કેસમાં પુરાવો ફરિયાદીની તરફેણમાં હોય એટલી સ્થિતિ આરોપીને સજા કરવા માટે પર્યાપ્ત ગણી શકાય નહિ. આવો પુરાવો તમામ પ્રકારની શંકાનું નિવારણ કરે તેવો હોવો જોઈએ. સાંયોગિક પુરાવાના આધારે આરોપીએ જ કહેવાતો ગુનો કર્યો હતો એવી

શંકા બળવતર બનતી હોય તો તેમાંથી આરોપી ગુનેગાર હોવાનું તારણ નિકળી શકે તેવો ન હોય તો તે પુરાવો સજા માટેનો આધાર બની શકે નહિ. આરોપીએ જ ગુનો કર્યો હતો તેવા અનુમાનને ન્યાયોચિત ઠરાવવા માટે તે તરફ દોરી જતા સાંયોગિક પુરાવા આરોપી નિર્દોષ હોવાના અનુમાન સાથે પુરેપુરી રીતે વિસંગત હોવા જરૂરી છે. આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરતા તે ગુનેગાર હોવાનું અનુમાન બળવતર ન હોય ત્યાં સુધી આરોપીને સજા કરી શકાય નહિ. ફોજદારી કેસમાં ગુનો પુરવાર કરવા રજૂ થયેલ પુરાવામાં વ્યાજબી કે સંભવિત કહી શકાય તેવો નિર્દોષપણાનો થોડો પણ અંશ જણાઈ આવે તો પણ તેનો લાભ આરોપીને આપવાનો રહે છે.

**(૧૦.૨)....પુરાવાનું મુલ્યાંકન–**

આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઉપર જણાવ્યા મુજબનું તહોમત મુકી, ગુનો કરેલાનો આક્ષેપ વ્યાજબી શંકાથી પરે પુરવાર થયેલ છે કે કેમ તે નકિક કરવા આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવાનું રહે છે.

આ કામે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા ફરિયાદ ધ્યાને લેતાં, આ કામે પ્રથમ આંક–૧૫ની ફરિયાદ ધ્યાને લેતા તેમાં કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદીએ પી. જી. કોડીયાતરની હાજરીમાં ફરિયાદ આપેલ છે. આ કામે ફરિયાદી તેઓની જુબાનીમાં આરોપી હાથ અને આંખોથી આવતી જતી મહિલાઓને ઈશારા કરીને જાહેરમાં ચેનચાળા કરતા હોય જેથી તેઓને પંચનામાની વિગતે અટક કરેલ હોવાનું જણાવે છે, પરંતુ તેઓની જુબાની તથા ફરિયાદ હકીકતોને આ કામે સ્વતંત્ર પંચો, આંક–૬થી પંચ સાહેદ કરીમભાઈ જમાલભાઈ જેઠવા તથા આંક–૮થી પંચ સાહેદ આશીષ ખીમજી પીત્રોડાને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતાં આ સ્વતંત્ર પંચ સાહેદોએ ફરિયાદીના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે.

સદર પંચો આરોપીને અટક કર્યાનાં પંચનામાનાં પંચ છે જેમને ફરિયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે. ફરી ગયેલ સાક્ષી માટે <u>ના.સુપ્રિમ કોર્ટે સતપોલ વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ </u>(AIR 1976 SC 294)માં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરી ગયેલ સાક્ષીનો પુરાવો સંપૂર્ણ વ્યર્થ નથી.

વળી, <u>ગુરાસીહ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન</u>(AIR 2001 SC 330) માં ના.સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કાર્યવાહીમાં જયારે સાક્ષીને ફરી ગયેલ જાહેર કરી ફરિયાદપક્ષ ધ્વારા પોતાના સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવે ત્યારે સામાન્ય નિયમ તરીકે તેનો પુરાવો નકારવાનો નથી. અદાલત માટે એ ખુલ્લુ છે કે, દરેક કેસની હકીકત અનુસાર સદર ઉલટતપાસ અને વિરોધાભાસ સાક્ષીની

વિશ્વસનિયતા ગુમાવે છે કે કોઈ બાબતે તેના પર આધાર રાખી શકાય છે કે કેમ? અત્રેના કેસમાં ફરિયાદપક્ષ ધ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ પરંતુ ફરિયાદ પક્ષ સદર કોઈ ફળદાયી વિગતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે સંજોગોમાં સદર પંચ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

વધુમાં આંક–૧૪ ત.ક. અમલદાર પેથાભાઈ ઘેલાભાઈ કોડીયાતરનો રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતાં, તેઓએ તેમના પુરાવામાં તેઓને તપાસ મળતા પંચનામાઓ કરી આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરેલ હોવાનો માત્ર પુરાવો આપેલ છે. પરંતુ તેઓની સાથે આંક–૧૫ની ફરિયાદ ધ્યાને લેતા, ત.ક. અમલદાર બનાવ સમય હાજર હોવાનું તેમજ તેઓની રૂબરૂમાં સ્થળ ઉપર પંચનામું કરેલ હોવાનું અને તેઓના રૂબરૂમાં ફરિયાદીએ ફરિયાદ આપેલ હોવાનું બહાર આવેલ હોવા છતાં ત.ક.અમલદાર/ ફરિયાદી જે હકીકતો જણાવે છે તેવી કોઈ હકીકતોને તેમની જુબાનીમાં સમર્થન કરેલ નથી. સદર સાહેદ સ્થળ ઉપર હાજર હોવા છતાં તેઓ તેમની જુબાનીમાં આરોપીઓને તેઓએ પંચનામાની વિગતે અટેક કરેલ હોવાની હકીકત જણાવતા નથી. આમ, કહેવાતા બનાવ બાબતે ત.ક. અમલદારના પુરાવાથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે આરોપીઓ સામેનું તહોમત જોતા આરોપી નવરાત્રીમાં આવતી જતી બહેનોની સામે હાથ તથા આંખોથી ઈશારા કરી વિભત્સ ચેનચાળા કરતા હોવાનું તહોમત હોય, પરંતુ આ કામે ફરિયાદપક્ષે તેવી કોઈ બહેનોને સાહેદ તરીકે તપાસેલ નથી, કે ત.ક. અમલદારે તેવી કોઈ બહેનોને સાહેદ તરીકે ચાર્જશીટમાં પણ જણાવેલ નથી. જેથી તેવા સ્વતંત્ર કહી શકાય તેવા મહિલા સાહેદોના પુરાવાના અભાવે તેમજ કોઈ મહિલાએ આ બાબતની ફરીયાદ કરેલ હોય તેઓ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે હાલના આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોવાનું માની શકાય તેમ નથી અને સદર કામે એકમાત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા મુજબ, આ કામના આરોપીએ નવરાત્રીમાં આવતી જતી મહીલાઓ સામે જાહેરમાં હાથ તથા આંખોથી ઈશારા કરી વિભત્સ ચેનચાળા કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)....**આ કામના આરોપી **અશ્વીનભાઈ મનસુખભાઈ પરમાર,** ઉ.વ.૧૯, ધંધો:– મજુરી, રહે. શાપુર ગામ, તા. માંગરોળનાઓન નાઓને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ– ૧૧૦,૧૧૭

મુજબનાં ગુનામા ભારતીય નાગરિક સુરક્ષા સુહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨).... આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સુહિતા, ૨૦૨૩ ની કલમ– – ૪૮૧ (૧) અન્વયે અપીલ થયેલ અપીલનાં કામે હાજર રહેવા, સદર હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૫,૦૦૦ /–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજરોજ **તારીખ:–૦૪ થી , માહે જુલાઈ , સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૪–૦૭–૨૦૨૬**

**મુકામ : કેશોદ**

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
**અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,**
**કેશોદ**
**[GJ01306]**

//જે.જી. ભેટારીયા//